આપણા પ્રતાપી મહાનુભાવો-૨

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત
‘આચાર્યશ્રીવલ્લભ’ માસિકપત્રમાંથી
સાભાર-ઉદ્ધૃત)

લેખક : કાન્તિલાલ ર. ગાંધી-અમદાવાદ

આ પ્રકાશનમાં દ્રવ્યસહયોગકર્તા -

શ્રીમતી નીતાબેન નરેન્દ્રભાઈ પરીખ
કુંજ સોસાયટી, અલકાપુરી, વડોદરાના
સર્વ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

‘શ્રીરાધાકૃષ્ણકુંજ’ બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ, દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦
E-mail : **shreevallabhvitthal@gmail.com**

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

શ્રીવલ્લભ વિઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

(૧)ચુનીભાઈ શાહ, (૨)કૃષ્ણકાન્તભાઈ શાહ, (૩) વિનોદભાઈ શાહ
‘‘શ્રીરાધાકૃષ્ણકુંજ’’ બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૨૬૮૯૭ (બપોરે ૨ થી સાંજના ૬ સુધી)
E-mail : **shreevallabhvitthal@gmail.com**

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ વિ.સં. -૨૦૬૭, વૈશાખ સુદ, ઈ.સ. મે-૨૦૧૧

પ્રત - ૫૦૦

ન્યોછાવર - ૧૦ /- (પોસ્ટેજ અલગથી)

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯

અનુક્રમણિકા

પૃષ્ઠ

(૧) શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણના જયેષ્ઠલાલજી શ્રીગિરિધરજી ૫-૧૦

(૨) નિ.લી.ગો.શ્રીજીવનલાલજી મહારાજ (પોરબંદર) ૧૧-૧૪

(૩) નિ.લી.ગો.શ્રીરમણલાલજી મહારાજ (મથુરા) ૧૫-૧૭

(૪) ભારતીય સંસ્કૃતિના સંરક્ષક આચાર્યવર્ય નિ.લી. પૂ.ગો.શ્રીગોકુલનાથજી મહારાજ (મુંબઇ) ૧૮-૨૨

(૫) ચતુર્થ-પંચમ ગૃહાધીશ્વર નિ.લી.પૂ.પા.ગો. શ્રીવલ્લભલાલજી મહારાજ (ગોકુલ-કામવન) ૨૩-૨૮

(૬) પુષ્ટિસમ્પ્રદાયના ક્રાન્તદર્શી-આદર્શ નેતા પ્રથમપીઠાધીશ્વર નિ.લી.પૂ.પા.ગો. શ્રીરણછોડલાલજી મહારાજશ્રી (પ્રથમેશજી) ૨૯-૩૨

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી 'આપણા પ્રતાપી મહાનુભાવો' પુસ્તિકા કે જેમાં આ સમ્પ્રદાયના પ્રતાપી આચાર્યોનો સંક્ષિપ્તમાં પરિચય આપવામાં આવ્યો છે તે પુસ્તિકા બાળકોના અધ્યયન માટે પ્રકાશિત થઈ રહી છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

વર્ષ ૮ થી ૧૨, વર્ષ ૧૩ થી ૧૮, વર્ષ ૧૯ થી ૨૫ અને વર્ષ ૨૬ થી ૪૫ની વયના બાળકો/યુવાનો માટેની પ્રશિક્ષણ શિબિર પૂજનીયા શ્રીજીજી (પૂ.ગો.શ્રીઇન્દિરાબેટીજી) દ્વારા પ્રસ્થાપિત શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વડોદરા મુકામે (૨૪ મે થી ૩૦ મે ૨૦૧૦) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં ઉપસ્થિત થનારા શિબિરાર્થીઓને પ્રશિક્ષણ અર્થે સરળ ભાષામાં અધ્યયનપુસ્તિકા અપેક્ષિત હતી તેથી આનું પ્રકાશન શીઘ્રતાથી લેવાનું નક્કી કરવામાં આવ્યું અને તે આજે મૂર્તરૂપમાં પ્રકટ થઈ રહ્યું છે.

આજથી ૧૦ થી ૧૬ વર્ષ પૂર્વના સમયમાં અમારા દ્વારા સમ્પાદિત અને શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ દ્વારા પ્રકાશિત 'આચાર્ય શ્રીવલ્લભ' ગુજરાતી માસિકપત્રમાં સ્તમ્ભરૂપે આ વિષય આપવામાં આવતો હતો અને તેનું લેખન અમદાવાદના શ્રીકાન્તિલાલ ગાંધી દ્વારા કરવામાં આવતું હતું. તે અંકોમાંથી ઉદ્ધૃત કરીને તે પૈકીના કેટલાક આચાર્યોના પરિચયો આ પુસ્તિકામાં આપવામાં આવ્યાછે.

આ પ્રકાશનનાં કાર્યમાં વડોદરાના શ્રીમતી નીતાબેન નરેન્દ્રભાઈ પરીખે ઉદારતાથી શ્રીમહાપ્રભુજીની વાણીની સેવામાં દ્રવ્યવિનિમય કર્યો છે તે બદલ તેમને અનેકશઃ ધન્યવાદો

ગુજરાતી વિ.સં.૨૦૬૭,
વૈશાખ સુદ-૯, ગુરુવાર
૧૨-૫-૨૦૧૧-વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.

આપણા પ્રતાપી મહાનુભાવો-૨

લેખક : કાન્તિલાલ ર.ગાંધી-અમદાવાદ

(૧) શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણના જયેષ્ઠલાલજી શ્રીગિરિધરજી

શ્રીગુસાંઇજી પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજીનું પ્રાકટ્ય સંવત ૧૫૯૭ ના કારતક સુદ બારસને દિને અડેલમાં થયું હતું. આપશ્રીનું શ્રીઅંગ કૃશ અને ગૌર વર્ણનું હતું. શ્વેત ધોતી અને ઉપરણા ધારણ કરતા સ્વભાવે અત્યંત ધીરગંભીર અને વિચારશીલ હોવાથી એકાંત-પ્રિય હતા. આપશ્રીને શ્રીગુસાંઇજી ઘરમાં ગોવર્ધન નામથી સંબોધતા હતા. આપશ્રીના માતુશ્રીનું નામ શ્રીરુક્મિણી વહુજી હતું.

શ્રીવલ્લભકુલમાં વૈદિક સંસ્કારોનું જે રીતે યથાવત્ પાલન થાય છે એવું અન્યત્ર ભાગ્યે જ થાય છે. ચતુર્થ વર્ષમાં પ્રવેશ થતાંજ આપશ્રીનો ચૌલ સંસ્કાર ગોકુલમાં કર્યો અને આઠમાં વર્ષે કાશીમાં યજ્ઞોપવિત સંસ્કાર કર્યો હતો. અને અડેલ પધારીને શ્રીગિરિધરજીના વિદ્યાધ્યનન માટે ઉત્તમ પ્રબંધ કર્યો. પિતા-પિતામહની જેમજ શ્રીગિરિધરજી પણ નાનપણથી મેધાવી બાલક હોવાથી થોડા સમયમાં જ વેદ, પુરાણો અને સ્વમાર્ગીય ગ્રંથોનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કરીને સર્વ વિદ્યાઓમાં પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું હતું.

શ્રીગિરિધરજીના વહુજી અને પંચમ પુત્ર શ્રીરઘુનાથજીના વહુજી બન્ને બહેનો હતા. એટલે બન્ને ભાઇઓ સાઢુભાઇ પણ થતા હતાં.

શ્રીગિરિધરજીને શ્રીભામિનીવહુજીથી ત્રણ લાલજી અને ત્રણ બેટીજી મળીને છ સંતાન થયા હતા. શ્રીગિરિધરજીના ત્રણ પુત્રોમાંથી શ્રીમુરલીધરજી યુવાન વયમાં લીલા કરી જતા બાકીના બે પુત્રો શ્રીદામોદરજી અને શ્રીગોપીનાથ દીક્ષિતજીને શ્રીગિરિધરજીએ પોતાના સેવ્ય સ્વરૂપોનો વાંટો કરી આપ્યો. પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રીદામોદરજીને શ્રીનાથજીના મંદિરના પ્રબંધનો અધિકાર સોંપીને સંપ્રદાયના અધિપતિ બનાવી શ્રીગુસાંઇજીના સેવ્ય સ્વરૂપ શ્રીનવનીતપ્રિયજી પધરાવી આપ્યા હતા. અને નાના પુત્ર શ્રીગોપીનાથજીને શ્રીમહાપ્રભુજીનું સેવ્ય સ્વરૂપ શ્રીમથુરેશજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. આજે એ મુજબ શ્રીનાથદ્વારામાં શ્રીદામોદરજીના વંશજ ગોસ્વામી તિલકાયત શ્રીગોવિંદલાલજી મહારાજને માથે શ્રીનાથજીનું સ્વરૂપ તથા શ્રીનવનીતપ્રિયજીનું સ્વરૂપ બિરાજે છે અને શ્રીમથુરેશજીનું સ્વરૂપ જતીપુરામાં (હાલ કોટા-રાજસ્થાનમાં) શ્રીગોપીનાથ દીક્ષિતજીના વંશજ કોટાવાળા ગો.શ્રીરણછોડલાલજી મહારાજ (શ્રીપ્રથમેશજી)ને માથે બિરાજે છે.

શ્રીગિરિધરજી નિત્યપ્રતિ સેવામાં તત્પર રહેતા. અનોસરના સમયમાં વિરહના અનુભવ માટે એઓશ્રી વ્રજના એકાંત સ્થાનમાં પધારતા. ક્યારેક શ્યામઢાક, ક્યારેક કોટવન આદિ સ્થાનોમાં ઘોડા ઉપર પધારતા.

શ્રીગુસાંઇજીના તિરોધાન પછી કોટવનની નિકટ આવેલ કામર ગામમાં તળાવ ઉપરના એકાંત સ્થાનમાં વિપ્રયોગનો સમય વ્યતીત કરવાનો એઓશ્રીએ નિયમ રાખ્યો હતો. શ્રીનાથજીની રાજભોગ આરતી પછી ગોપાલપુરથી ચાલીસ માઇલ દૂર આવેલ આ કામર ગામમાં શ્રીગિરિધરજી નિત્ય પોતાના અલૌકિક સામર્થ્યથી પધારતા અને પુનઃ ઉત્થાપન સમયે એજ પ્રકારે પાછા ગોપાલપુર પધારી શ્રીજીની સેવામાં

સંલગ્ન થઈ જતા. શ્રીગિરિધરજીની દિવ્ય શક્તિની વાત ઠેઠ મોગલ સમ્રાટ અકબરના દરબારમાં પહોંચી ગઈ અને ત્યારથી એઓશ્રી જતીજી ના નામથી પણ પ્રસિદ્ધ થયા તેમજ ગોપાલપુરનું બીજુ નામ જતીપુરા પ્રકાશમાં આવ્યું. કામરમાં શ્રીગિરિધરજીની બેઠક છે તે લોકોમાં તથા સરકારી દસ્તાવેજોમાં જતીજીની બેઠકના નામે સુપ્રસિદ્ધ છે.

એક દિવસ શ્રીગિરિધરજી જપકોઠામાં સંધ્યાવંદન કરી રહ્યા હતા તેવામાં ખવાસે આવી વિનંતી કરી કૃપાનાથ ! એક બ્રાહ્મણ દેવતા આપના દર્શનાર્થે આવવાની વિનંતી કરી રહ્યા છે આપશ્રીએ કહ્યું આવવા દો. આજ્ઞા મળતા ખવાસની સાથે ભૂદેવ ત્યાં આવી પહોંચ્યા. દંડવત્ પ્રણામ કરીને એઓ શ્રીગિરિધરજીની સન્મુખ બે હાથ જોડીને વિનયપૂર્વક બેઠા. સંધ્યા પૂર્ણ થયા પછી શ્રીગિરિધરજીએ પૂછ્યું બોલો ભૂદેવ ! શા માટે આગમન થયું છે ? કૃપાનાથ ! મારી પુત્રી ઉંમરલાયક થઈ છે તેથી તેના વિવાહ ખર્ચ માટે આપની પાસે સહાયની નમ્ર યાચના કરવા આવ્યો છું. બ્રાહ્મણે પોતાના આગમનનું કારણ દર્શાવ્યું. એ વાત સાંભળીને શ્રીગિરિધરજીએ નેત્રો બંધ કરીને ક્ષણવાર વિચાર કર્યા પછી નેત્રો ખોલી, આસપાસમાં દષ્ટિ કરીને કશાક નિર્ણય ઉપર આવી, જે પંચપાત્રથી પોતે સંધ્યા કરતા હતા તે તાંબાનું પંચપાત્ર ઉઠાવી બ્રાહ્મણના હાથમાં આપતા આજ્ઞા કરી - આનાથી મંગલ કાર્ય પૂર્ણ કરજો માત્ર થોડાક જ તાંબિયાના કિંમતના તામ્ર પંચપાત્રને પોતાના હાથમાં લેતા એ બ્રાહ્મણને બહુ જ શરમ આવી ! અને નિરાશ વદને આશીર્વાદ આપી બહાર આવ્યા.

મોટી આશા સેવીને એઓ શ્રીગિરિધરજી પાસે ગયા હતા. એમાં નિષ્ફળ જતાં ખૂબ દુઃખ થયું અને મનમાં થયું કે આ તામ્રપત્રથી હું પુત્રીનો વિવાહ કેવી રીતે કરીશ ? એવા વિચાર સાથે ઘરે આવી તામ્રપત્ર ઘરમાં કોઈ ન જાણે એમ એક સ્થળે મૂકી દીધું.

બીજે દિવસે પ્રાતઃકાળમાં પોતાના પતિને સંધ્યાના આસન ઉપર વિચારમગ્ન અને નિરાશ વદને બેઠેલા જોઈ સાધ્વી સ્ત્રીએ પૂછ્યું તમે આમ કેમ બેઠા છો ? પછી ગઈ કાલે શ્રીગિરિધરજીની પાસે ગયા હતા કે નહીં ?

'ગયો હતો.' અને ત્યાંથી જ આ ગહન નિરાશા લઈને પાછો ફર્યો છું.

નિરાશ થઈને આવ્યા છો ? તો શું એઓશ્રીએ તમને કાંઈ જ ન આપ્યું? વિપ્ર પત્નીએ નવાઈ પામીને પ્રશ્ન કર્યો.

આપ્યું ! પણ નહીં આપ્યા જેવું જ. વિપ્રે જવાબ આપ્યો.

એવું તે શું આપ્યું કે એની કિંમત જ નથી ?

થોડાક તાંબિયાનું પંચપાત્ર આપ્યું. બ્રાહ્મણે કહ્યું. સમજદાર પત્નીએ કહ્યું કે મહાન પુરુષનું દાન આપણી દરિદ્રતાને દૂર કરનાર જ હોય છે. એ માટે તમારે એટલા બધા નિરાશ થવાની જરૂર નથી. પંચપાત્ર આપતા આપશ્રીએ કેવી આજ્ઞા કરી હતી ?

વિપ્રે કહ્યું આ પંચપાત્રથી તમારું મંગલ કાર્ય પાર પાડજો. પત્નીએ તરત જ આનંદ વ્યક્ત કરતાં કહ્યું કે આપશ્રીનાં વચનામૃત કદી નિષ્ફળ થતાં નથી અને જતાં નથી. લાવો મને એ પંચપાત્રનાં દર્શન કરાવો.

પત્નીના આશાસ્પદ અને ઉત્સાહજનક વચનોથી બ્રાહ્મણમાં આશાનો સંચાર થયો. અને અંધારા ઓરડામાં રાખેલ પંચપાત્રને લઈને બહારના ઓરડામાં લઈ આયા પંચપાત્રને જોતાં જ મુખમાંથી ઉદ્ગાર સરી પડ્યા અહો જોતો ખરી આ તો સુવર્ણનું પંચપાત્ર લાગે છે.

પત્નીએ પંચપાત્રને હાથમાં લઈ એનાં દર્શન સાથે પવિત્ર સ્પર્શ કરી પોતાની બન્ને આંખોને લગાડી મસ્તક ઉપર મૂકતાં બ્રાહ્મણ પત્ની

બોલ્યા લાગે છે શું ? આ તો શુદ્ધ સોનાનું જ છે. બ્રાહ્મણ દંપતી આનંદ વિભોર બની ગયા એ પંચપાત્રમાંથી પોતાની પુત્રીનાં લગ્ન ધામધુમથી કર્યાં. એ પછી પણ એઓ સદાને માટે ઐશ્વર્યશાળી બની ગયા ! શ્રીગિરિધરજીના આ ઐશ્વર્યબળથી આ તાંબાનું પંચપાત્ર સોનાનું બની ગયું.

બીજો એક પ્રસંગ છે. શ્રીગોકુલમાં શ્રીગુસાંઇજીની બેઠકમાં એઓશ્રીની ગાદીજીની સામે બિરાજીને શ્રીગિરિધરજી નિત્ય સંધ્યા-જપ-પાઠ કરતા પણ કોઇ દિવસ ગાદી ઉપર બિરાજતા ન હતા. એક દિવસે શ્રીગોકુલનાથજી ત્યાં પધાર્યા અને દાદાભાઈને શ્રીગુસાંઇજીની ગાદીની સામે બિરાજીને સંધ્યાવંદન કરતા જોઇને વિનંતી કરી. દાદા ! આપકો ગાદી ઉપર બિરાજને કો અધિકાર હે સો આપ ક્યો નાંહી બિરાજો હો ? ત્યારે શ્રીગિરિધરજીએ સ્પષ્ટતા કરી, વલ્લભ, મને તો આ બેઠકમાં ગાદીજી ઉપર બિરાજમાન કાકાજીનાં દર્શન થઇ રહ્યાં છે. તેથી જ એઓશ્રી સન્મુખ જ બેસું છું. તમે પણ દર્શન કરો દાદાભાઈનાં વચનો સાંભળીને શ્રીગોકુલનાથજીએ ગાદીની સામે દૃષ્ટિ કરી તો એઓશ્રીને સંધ્યાવંદન કરી રહેલ શ્રીગુસાંઇજીના સાક્ષાત્ દર્શન થયાં. આ જોઇને પ્રથમ શ્રીગુસાંઇજીને અને પછી શ્રીગિરિધરજીને સાષ્ટાંગ દંડવત્ કરતા એઓશ્રીના મુખમાંથી ઉદ્ગારો સરી પડચા ધન્ય દાદાભાઈ !

એકવાર શ્રીગુસાંઇજીને પરદેશમાં પાંચસો રૂપિયાની હૂંડી ભેટ આવી હતી દ્રવ્ય શુદ્ધ હોવાથી એને ગોકુલ મોકલાવી. શ્રીગિરિધરજીને લખ્યું કે આ દ્રવ્ય શુદ્ધ છે માટે સારે સ્થળે રાખજો. શ્રીગિરિધરજીએ કાકાજીની આજ્ઞા મુજબ દ્રવ્યને એક સ્થળે રાખી મૂક્યું. એક દિવસે શ્રીગિરિધરજી શ્રીનવનીતપ્રિયજીને શૃંગાર કરતા હતા કીર્તનકાર ધોંધી સુંદર કીર્તન ગાઈ રહ્યા હતા. કીર્તનમાં જ્યારે સમ આવ્યો ત્યારે ગાન ઉપર શ્રીનવનીતપ્રિયજીએ સમ ઉપર શ્રીહસ્તથી તાલ આપ્યો ! ધોંધીનાં કીર્તન ગાન ઉપર શ્રીનવનીતપ્રિય પ્રભુની આ પ્રકટ પ્રસન્નતાથી શ્રીગિરિધરજી

ખૂબ જ રોમાંચિત થઇ ગયા. અને જે પાંચસો રૂપિયા રાખી મૂક્યા હતા તે શ્રીનવનીતપ્રિયજી ઉપર ન્યોછાવર કરીને ધોંધીને આપી દીધા. શ્રીગુસાંઇજીએ પરદેશથી પધારીને પાંચસો રૂપિયા વિષે શ્રીગિરિધરજીને પૂછ્યું ગોવર્ધન પરદેશથી મેં મોકલાવેલા પાંચસો રૂપિયાનું શું કર્યું ? જવાબમાં શ્રીગિરિધરજીએ વિનયથી પ્રસન્નતાપૂર્વક કહ્યું. કાકાજી ! ધોંધીનાં કીર્તનગાનથી પ્રસન્ન થઇને શ્રીનવનીતપ્રિયજીએ સમ ઉપર તાલ આપ્યો તેથી એ પ્રસન્નતા ઉપર મેં શ્રીનવનીતપ્રિયજીને ન્યોછાવર કરીને એ પાંચસો રૂપિયા ધોંધીને આપી દીધા છે. આ સાંભળીને શ્રીગુસાંઇજી શ્રીગિરિધરજી ઉપર અત્યંત પ્રસન્ન થયા.

શ્રીગિરિધરજી સદા-સર્વદા સેવા અને વિપ્રયોગમાં નિમગ્ન રહેતા હતા. એટલે એઓશ્રીની વિશેષ ગ્રંથરચના પ્રાપ્ત નથી. પરન્તુ અત્યારે ત્રિશ્લોકી પ્રાપ્ત થાય છે. માલા-તિલકની રક્ષા પ્રસંગે બાદશાહ સાથે થયેલા કરાર પ્રમાણે શ્રીગોકુલનાથજી સોરમજી રહેવા પધાર્યા હતા. તે સમયે સંવત ૧૬૭૭ ના માગશર વદ બીજનો દિવસ હતો. શ્રીગિરિધરજી, શ્રીમથુરેશજીને શૃંગાર કરી રહ્યા હતા આભૂષણ ધરાવતી વખતે શ્રીમથુરેશજીએ હાસ્ય સહિત બગાસાનું મિષ (કારણ) કરી, મુખારવિંદનો વિકાસ કર્યો અને શ્રીગિરિધરજીને પોતાના સ્વરૂપમાં તિરોધાન કરી દીધા. આ પ્રમાણે આપશ્રીએ સદેહ નિત્ય લીલા પ્રવેશ કર્યો. આવી રીતે ધર્મીસ્વરૂપ શ્રીગિરિધરજી આ ભૂતલ ઉપર ૮૦ વર્ષ બિરાજ્યા.

ધર્મી સ્વરૂપે શ્રીગિરિધરજીમાં છ ધર્મોની ગુપ્ત રીતે પણ ઝાંખી થાય છે. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય. સાંપ્રદાયિક સાહિત્યમાં શ્રીગિરિધરજીના ૪૦ સેવકો હોવાનું લખાણ મળી આવે છે. વ્રજમંડલમાં શ્રીગિરિધરજીની પાંચ બેઠકો પ્રસિદ્ધ છે.

(૨) નિ.લી.ગો.શ્રીજીવનલાલજી મહારાજ-પોરબન્દર

નિ.લી.ગો.શ્રીજીવનલાલજી મહારાજશ્રીનું પ્રાકટ્ય વિ.સં.૧૯૧૬ માગશર સુદ ૧૩ ના દિવસે શ્રીમદ્ ગોકુલમાં પ્રથમલાલજી શ્રીગિરિધરજીના વંશમાં થયું હતું. આપશ્રીના પિતૃચરણનું નામ શ્રીવલ્લભજી તથા માતૃચરણનું નામ શ્રીજાંબુવતી વહુજી હતું. આપશ્રીના પાંચ મોટા ભાઈઓ હતા પણ તે સહુ આપશ્રીના પ્રાકટ્ય પૂર્વે જ લીલામાં પધારી ગયા હતા. આપશ્રીના એક બહેન હતા જેમનું નામ બંસી (બચી) બેટીજી હતું. આપશ્રી ઘઉં વર્ણના, લંબગોળ ઘાટીલી મુખાકૃતિવાળા, તેજથી દેદીપ્યમાન, વિશાલનેત્ર-ભાલપ્રદેશવાળા તેમજ દીર્ઘબાહુ હતા. આપશ્રી બાલ્યાવસ્થાથી જ મેધાવી, ચપળ અને સેવારસિક હતા.

આપશ્રીની પાંચ વર્ષની વયનો આ પ્રસંગ છે કે શ્રીગોકુલમાં પોતાના ગૃહે બિરાજતા શ્રી... ને શ્રાવણ માસ હોઈ પોતાના માતૃચરણ સાથે રહીને હિંડોળા ઝુલાવી રહ્યા હતા. આપશ્રી એકીટસે પ્રભુ તરફ જોઈ રહ્યા હતા અને અચાનક ખડખડાટ હસી પડ્યા. આવા અચાનક હાસ્યથી માતૃચરણ ચમકી ગયા અને વાત્સલ્યથી પીઠ પર હાથ ફેરવતાં પૂછ્યું ક્યોં લાલન ! યોં હસવે કો કારન કહા હૈ ? બાવાશ્રીએ જવાબ આપ્યો ભાભીજી ! દેખોતો મેરે સામને તિરછી નજરસૂં દેખકે શ્રીસ્વામિનીજી હંસ રહી હૈ, ઔર બાર-બાર શ્રીઠાકુરજી સંકેત કર રહી હૈ. યાકે મારે મેરી હંસી નિકલ ગઈ. લાડકવાયા લાલબાવાનું સ્વાનુભવપૂર્ણ કથન સાંભળીને ભાભીજીએ જોયું તો ભગવત્ સ્વરૂપોના મુખારવિન્દ ઉપર મંદ હાસ્યની આછી ઝલક હતી અને શ્રીસ્વામિનીજીના ગંડ સ્થળ પર પડેલા ખંજનનાં સ્પષ્ટ દર્શન થયાં. આ દિવ્ય દર્શનામૃતથી માતૃચરણ હર્ષ વિહ્‌વળ બની

ગયા અને બાળક જીવનપ્રભુને પ્યારથી ઉઠાવી લઈ છાતી સરસા ચાંપીને એઓશ્રીને ઠાકોરજી આગળ દંડવત્ પ્રણામ કરાવ્યા અને પોતે પણ દંડવત્ કર્યા.

મેધાવી જીવનપ્રભુનો ઉપનયન સંસ્કાર શ્રીનાથદ્વારમાં સમ્પન્ન થયો અને બ્રહ્મસંબન્ધ આપશ્રીનાં પિતૃચરણ દ્વારા થયું હતું. આપશ્રીના પિતૃચરણે આપશ્રીની શિક્ષા માટે માધ્વસમ્પ્રદાયના વિશ્વેશ્વરપ્રસાદ અવસ્થી તથા બરેલીવાળા પં.શ્રીનન્દકુમારજી જેવા સમર્થ વિદ્વાનોની નિયુક્તિ કરી હતી. આપશ્રીને એકવારમાં જ બધુ બુદ્ધિંગત થઈ જતું હતું. આવી મેધાવી શક્તિ જોઈને અધ્યાપકો પણ પ્રસન્નતા અનુભવતા હતા.

વિ.સં.૧૯૨૮માં આપશ્રીના પિતૃચરણનો નિત્યલીલામાં પ્રવેશ થયો. ત્યારે આપશ્રીની ૧૨ વર્ષની વય હતી. આ નાની વયે આપશ્રી ઉપર વિદ્યાભ્યાસની સાથે વ્યવહાર વહિવટનો પણ બધો ભાર આવી પડ્યો. છતાં આપશ્રી વિદ્યાવિલાસી હોવાથી કાર્યભારની સાથે સાથે અધ્યયન પ્રવૃત્તિ પણ યથાવત્ ચાલુ રાખી.

સં.૧૯૩૫ પહેલા પોરબન્દરની શ્રીગોપીનાથજીની હવેલીમાં આપશ્રીના બડે કાકીજી શ્રીજાનકીજી મહારાજ બિરાજતા હતા અને શ્રીમદનમોહનલાલજીની સેવા કરતા હતા. શ્રીજાનકીજીની તબિયત અસ્વસ્થ થઈ જતાં જૂનાગઢથી આપશ્રીના પિતરાઈ શ્રીગોકુલેશજી મહારાજ પધાર્યા અને ગોકુલથી શ્રીજીવનલાલજીને તેડાવ્યા પણ તેમના આવતા પહેલા તેઓશ્રી લીલામાં પધાર્યા. એ પછી એઓશ્રીના ઉત્તરાધિકારી તરીકે શ્રીજીવનલાલજી મહારાજ પોરબન્દરની આ ગાદી પર બિરાજમાન થયા. પોરબન્દરમાં સ્થિર થયા પછી શ્રીજીવનપ્રભુએ શ્રીનટવરલાલજી અને શ્રીબાલકૃષ્ણલાલજી ઠાકોરજીને ગોકુલથી પોરબન્દર પધરાવ્યા. પોરબન્દરમાં શ્રીગોપીનાથજીની હવેલીમાં બિરાજતા શ્રીમદનમોહનલાલજી શ્રીમહાપ્રભુજીના નિધિ સ્વરૂપ અને

નગરઠઠ્ઠાવાળા દીવાન નારાયણદાસના સેવ્ય ઠાકોરજી છે. આ મદનમોહનજી શ્રીસ્વામિનીજી સાથે બિરાજે છે. બીજા શ્રીનટવરલાલજી શ્રીગુસાંઈજીના નિધિ છે અને શ્રીજીવનલાલજી મહારાજના માતામહ (નાનાજી)ને માથે જયપુરમાં બિરાજતા હતા. ત્રીજા શ્રીબાલકૃષ્ણલાલજી પણ શ્રીગુસાંઈજીના નિધિ છે. આ ઉપરાન્ત શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના હસ્તાક્ષર શ્રીમહાપ્રભુજીના પાદુકાજી વગેરે મળીને કુલ નવ સેવાઓ બિરાજે છે. શ્રીજીવનલાલજી મહારાજે પોરબન્દરમાં સ્થાયી વસવાટ કરીને શ્રીગોપીનાથજીની હવેલીનો વહિવટ વ્યવસ્થિત કર્યો અને ત્યાંથી સેવામાં વૈભવ પણ વધાર્યો. આપશ્રીના પિતૃચરણે લીલા કરી ત્યારે એક તરફ ઠાકોરજી અને બીજી બાજુ સમગ્ર સમ્પત્તિ, આ મુજબ વાંટા-વિભાગ પાડવાનું થતાં આપે પ્રસન્નતાથી શ્રીઠાકોરજી સ્વીકાર્યા. આપશ્રીને શ્રીઠાકોરજી પ્રત્યે ઘણું જ વાત્સલ્ય હતું.

સર્વપ્રથમ વૈષ્ણવ પરિષદ્ ભરવાની પ્રેરણા આપશ્રીએ જ આપી હતી, બીજા શબ્દોમાં કહીએ તો આપશ્રી વૈષ્ણવ પરિષદ્‌ના પિતા હતા. અનેક શાસ્ત્રી પંડિતોને સહાયતા પહોંચાડવાનો આપશ્રીનો સ્વભાવ હતો. આપશ્રીનો દિવસનો ઘણો મોટો સમય પ્રભુની સ્વરૂપ સેવા અને નામ સેવામાં પસાર થતો હતો. સિંધ, પંજાબ, મારવાડ, કલકત્તા વગેરે સ્થળોનો પ્રવાસ કરી આપશ્રીએ સમ્પ્રદાયની તથા સનાતન ધર્મની ખૂબ જ સારી સેવા કરી હતી. શ્રીઠાકોરજીની સેવાના વિષયમાં આપશ્રી ખૂબ જ ચીવટ રાખતા અને મુખિયા ભિતરિયાની બન્ને હથેલીઓ પર પોતાનો હાથ ફેરવી જોઈ તપાસી લેતા કે હાથની કોમળતા શ્રીઅંગની સેવાને યોગ્ય છે કે નહીં, અને જો થોડી કચાશ દેખાય તો ઔષધોપચાર તેલમાલિસ વગેરે દ્વારા જ્યારે એમના હાથની હથેલી એકદમ કોમળ સેવાને યોગ્ય બની જાય ત્યાર બાદ જ તેમને શ્રીઅંગની સેવા સોંપતા હતા.

પૂ.શ્રીમહારાજશ્રીની અસાધારણ વિદ્વત્તા, સેવાપરાયણતા અને

તેજસ્વી પ્રભાવથી પ્રભાવિત થઈને ગામના તેમજ બહારના રાજકીય વ્યક્તિઓ, શ્રીમન્તો તથા આગેવાનો સહિત હજારો લાખો લોકો આપશ્રીના સેવક બન્યા હતા. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના માતા-પિતા તથા કસ્તુરબાના પિયર પક્ષના સભ્યો આપશ્રીના સેવકો હતા.

જન્માષ્ટમીને બીજે દિવસે શ્રી.... ને પલનામાં ઝુલાવી નિત્યકર્મથી પરવારી શ્રીઠાકોરજીને રાજભોગ ધરવા મન્દિરમાં પધાર્યા. ભોગ ધરતી વખતે થાળમાં સખડી (ભાત) વાસી લાગ્યો એટલે ભીતરિયાને બોલાવીને પૂછ્યું આ સખડી ક્યારે સિદ્ધ કરી છે ? ભીતરિયાએ ઉત્તર આપ્યો - જય-જય ! તાજી કરેલી છે હમણાંજ સિદ્ધ કરેલી છે આપશ્રી કહ્યું તું ખોટું બોલે છે. આળસને મારે રાત્રે મહાભોગની સખડીની સાથે કરી લાગે છે, નહીંતર આવી વાસી કેમ દેખાય ? ભીતરિયો છેવટ સુધી ભયને મારે સાચું ન જ બોલ્યો પણ આપશ્રી ચતુર હતા, સમજી ગયા હતા કે આમાં શું બન્યું છે. આપશ્રીના ચિત્તમાં અપાર દુઃખ થયું કે આટલી આટલી સાવધાનતા રાખવા છતાં પણ નોકરોને ભરોસે પ્રભુને કેટલો શ્રમ પડે છે ! આ ઘટનાથી આપશ્રીના હૃદય પર ખૂબ જ આઘાત લાગ્યો. ભોગ ધરતાં ધરતાં તુલસી સમર્પણ કર્યા પછી દંડવત્ પ્રણામ કર્યા અને તે જ અવસ્થામાં આપશ્રીનો લીલા પ્રવેશ થયો. મુખિયાજીને ખબર પડતાં આપશ્રીને જપ કોઠામાં પધરાવ્યા. અત્યારસુધી આપ ભૌતિક દેહે સેવામાં બિરાજતા હવે આપ આધિદૈવિક સ્વરૂપે સેવાને અર્થે ભગવલ્લીલામાં પ્રવેશ કર્યો. આવા સેવાપરાયણ, ભગવન્મય ચિત્તવાળા, વિદ્વાન તેજસ્વી, પ્રભાવશાલી, ગુણોના સાગર શ્રીજીવનલાલજી મહારાજને અંતઃકરણથી સહસ્ર દંડવત્ પ્રણામ.

* * *

(૩) નિ.લી.ગો.શ્રીરમણલાલજી મહારાજ-મથુરા

નિ.લી.ગો.શ્રીરમણલાલજી મહારાજનો શ્રીગુસાંઈજીના છઠ્ઠાલાલજી શ્રીયદુનાથજીના વંશમાં પ્રાદુર્ભાવ થયો હતો. વિ.સં.૧૮૦૬ માં ગો. શ્રીપુરુષોત્તમજી થયા અને તેઓ ખ્યાલવાળા એવા નામથી પ્રસિદ્ધ હતા. તેમણે બ્રજ મેરે મન ભાઈ ઐસી વગેરે વનયાત્રાનાં ૧૬ કીર્તનો બનાવ્યાં હતાં તથા ઔરંગઝેબના ત્રાસથી ઉજ્જડ બનેલું ગોકુલગામ તેઓશ્રીએ ફરીથી વસાવ્યુ હતું. અને મથુરામાં સ્થાયી નિવાસ કર્યો હતો. તેમને ત્યાં શ્રીવ્રજપાલજી પ્રગટ્યા તથા તેમને ત્યાં બીજા પુરુષોત્તમજીનું પ્રાકટ્ય થયું હતું. આ શ્રીપુરુષોત્તમજી મહારાજ મથુરાવાળાને ત્યાં શ્રીદાઉજી મદનમોહનજી તેમજ શ્રીછોટે મદનમોહનજીના સ્વરૂપોની સેવા બિરાજતી હતી. તેઓશ્રી દર વર્ષે વ્રજયાત્રા કરતા હતા. આપશ્રીને ત્યાં જ શ્રીરમણલાલજી મહારાજનું પ્રાકટ્ય વિ.સં.૧૯૦૪ ના કાર્તક વદ એકમને રોજ ગોકુળમાં થયું હતું.

બાલ્યકાળમાં આપશ્રીએ વિરજાનન્દ દંડીસ્વામી પાસે વિદ્યાભ્યાસ કર્યો હતો. આપશ્રીના વહુજીનું નામ શ્રીરાણીવહુજી હતું. આપશ્રીના ત્રણ લાલજીઓ (૧) શ્રીવ્રજપાલલાલજી (૨) શ્રીકનૈયાલાલજી તથા (૩) શ્રીઘનશ્યામલાલજી હતા જેમાંથી જ્યેષ્ઠલાલજી શ્રીવ્રજપાલજી આપશ્રીના ઉત્તરાધિકારી થયા હતા, જ્યારે વચલા પુત્ર શ્રીકનૈયાલાલજી ગોકુળમાં ચતુર્થ ગાદીએ ગોદ પધાર્યા હતા અને તૃતીય પુત્ર શ્રીઘનશ્યામલાલજી વિ.સં.૧૯૫૩માં પોરબન્દર ગોદે પધારેલા અને જેઓ મથુરાના છોટે મદનમોહનજી મન્દિરમાં પણ શ્રીવ્રજપાલજી મહારાજના ઉત્તરાધિકારી થયા હતા.

નિ.લી.શ્રીરમણલાલજી મહારાજે શ્રીગોકુલેશ પ્રભુના અનન્યતમ સિદ્ધાન્તોનો અંગીકાર કર્યો હતો. આપશ્રી જેવા વિદ્વાન હતા તેવા જ કવિ તથા ભક્તશિરોમણિ પણ હતા. આપશ્રીની અપરસ તથા મેંડ ઘણી જ કડક હતી. પ્રભુના ઉપયોગ માટેની સર્વ વસ્તુઓ ખાંડની આખી ગુણો-ઘીના ડબ્બા- કોલસા વગેરે સર્વેને પ્રથમ શ્રીયમુનાજીમાં જલમાં પધરાવી, શુદ્ધ કરાવી, ત્યારબાદ જ સેવામાં ઉપયોગમાં લેતા હતા. આપશ્રી દ્વારા સં.૧૯૭૫માં આસો વદ નોમને રોજ શ્રીગિરિરાજજીમાં ગોસવયજ્ઞ, શ્રીમદ્ભાગવત ૧૦૮ પારાયણ, સુરભીકુંડ ઉપર છપ્પનભોગ વગેરે ભવ્ય આયોજનો સમ્પન્ન થયા હતા. આપશ્રી સદા-સર્વદા સ્વરૂપાનુભવમાં તથા શ્રીજીની ધામ-ધૂમથી ઉજવતા અને તે દિવસે મથુરાના શ્રીગોકુલનાથજીના મન્દિરમાં ચતુર્વેદીઓ, વ્રજવાસીઓ તથા વૈષ્ણવોમાં લાડુ વહેંચતા હતા.

આપશ્રી વિરચિત રસરસિક સંગ્રહ ગ્રન્થ પ્રકાશિત થઈ ચૂક્યો છે જે પદોમાં આપશ્રીએ વ્રજવાસી, નિજ્જન, વિહારી, વૃન્દાવન વગેરે છાપો ધરી છે. આપશ્રીને શ્રીમોહનભાઈજી, શ્રીબેનરાજજી, શ્રીગોકુલભાઈજી, શ્રીગોપાલદાસજી વગેરે ભગવદીયો પ્રત્યે અસાધારણ ભાવ હતો તેમજ તેમના વિષે અનેક પદો પણ રચ્યાં છે. આપશ્રી દ્વારા વિરચિત શ્રીગોકુલેશાખ્યાન ઉપરાન્ત વ્રજભાષા તથા ગુજરાતીમાં અસંખ્ય પદોની પણ આપશ્રીએ રચના કરી છે તેની યાદી વલ્લભવિલાસ નામના ગ્રન્થમાં આપવામાં આવેલી છે. આપશ્રીના ત્રણે લાલજીઓ પણ આપના જેવા જ મહાનુભાવો હતા. કામવનવાળા શ્રીદેવકીનન્દનાચાર્યજીના પિતા શ્રીગોવિન્દપ્રભુએ શ્રીદામોદરલાલજી મહારાજના તાતજી શ્રીરમણપ્રભુને કહેલું કે રમણલાલજી! મેરી તુમ્હારે યહાં પ્રકટ હોયવેકી ઈચ્છા હૈ શ્રીરમણપ્રભુને લાલજીના પ્રાકટ્ય પહેલા અને પછી આ કથનનો અનુભવ થયેલો. લાલજીના પ્રાકટ્ય પહેલા એક દિવસ શ્રીરમણપ્રભુએ ભરતપુરથી બેન્ડ મંગાવવા પોતાના અંતરંગ

સેવકોને આજ્ઞા કરી કે અમારે ત્યાં પૌત્રનું પ્રાકટ્ય થવાનું છે તેથી ભરતપુરથી બેન્ડ લઈ આવો. ત્યારે સેવકોએ નમ્રભાવે સામો પ્રશ્ન કર્યો કે જો કદાચ બેટીજીનો જન્મ થશે તો ? ત્યારે તરત જ આપશ્રીએ મક્કમતાથી કહ્યું કે પૌત્ર હી હોયગો, ક્યોંકિ બહુજી કે ઉદરમેં કામવનવારે ગોવિન્દ પ્રભુ બિરાજતે હૈં, મોકું પક્કો અનુભવ હોયગયો હૈ

શ્રીરમણપ્રભુએ વાજિંત્રો વગેરેની મંગલની સર્વ તૈયારીઓ કરાવી તેના બીજા દિવસે આપશ્રીને ત્યાં પૌત્રનું પ્રાકટ્ય થયું જેઓ શ્રીદામોદરલાલજી નામે પ્રસિદ્ધ થયા. આપશ્રીનો સંવત ૧૯૮૦ ની સાલમાં ૭૬ વર્ષની વયે નિત્યલીલા પ્રવેશ થયો. આવા પ્રતાપી મહાનુભાવને અનેક-અનેક વંદન.

* * *

(૪) ભારતીય સંસ્કૃતિના સંરક્ષક આચાર્યવર્ય નિ.લી.પૂ.ગો.શ્રીગોકુળનાથજી મહારાજ

(મુંબઈ)

વિક્રમ સંવત ૧૯૪૪ ભાદરવા સુદ બારસના દિવસે રાજસ્થાનના જોધપુર શહેરની પાસેના ચાંપાસેની ગામમાં આપશ્રીનું પ્રાકટ્ય થયું હતું. નિ.લી.ગો.શ્રીગોવર્ધનેશજી તથા શ્રીજીવનેશજી મહારાજશ્રી નિઃસંતાન નિત્યલીલા પ્રવેશ કરવાથી એવી કિંવદંતી હતી કે મુંબઈના મોટા મંદિરની ગાદી ઉપર બિરાજમાન ગોસ્વામીશ્રીને ત્યાં પારણું ઝૂલતું નથી. આવી વાત જાણવા છતાં નિ.લી.ગો.શ્રીદામોદરલાલજીએ પોતાના એકના એક પુત્ર પૂ.ગો. શ્રીગોકુલનાથજી (ઉર્ફે શ્રીગોવિંદલાલજી)ને દૃઢ મન રાખી સં.૧૯૫૨ માં મોટા મંદિરની ગાદીએ પધરાવ્યા. આ કાર્યમાં સંપ્રદાયના પંડિતજી શ્રીગટ્ટુલાલજીની પણ સંમતિ હતી.

આપશ્રીના ઉપનયન સંસ્કાર આઠમે વર્ષે મદ્રાસમાં શ્રીમદનમોહનજીના મંદિરમાં થયા પછી આપશ્રીને પંડિત નંદકુમારજી પાસે ભણવા મૂક્યા. પંડિતજી પણ મહારાજશ્રીને એક સાધારણ વિદ્યાર્થીની માફક અધ્યયનના સમય દરમ્યાન કડક નિયમોનું પાલન કરાવતા. તે કડક નિયમોના પાલનથી મહારાજશ્રીમાં ધીરતા, ઉદારતા, કુશળતા, વિદ્વત્તા અને સાધુ ચારિત્ર્યનો ગુણ પ્રદીપ્ત થયો હતો. આપશ્રીનું પ્રથમ લગ્ન સં.૧૯૫૨ માં થયું હતું. એ વહુજીથી પૂ.શ્રીકૃષ્ણજીવનજી મહારાજનું પ્રાકટ્ય થયું. સં.૧૯૬૯માં પ્રથમ વહુજીનો નિત્યલીલામાં પ્રવેશ થતાં સં.૧૯૭૦ માં ફરીથી લગ્ન કર્યું, તેમનાથી છ પુત્રોને એક પુત્રી થયા જે બધા જ વિવિધ ક્ષેત્રમાં પ્રતાપી અને સદ્‌ગુણસમ્પન્ન હતા. આપશ્રીએ

પોતાના ખૂબ પૈસા ખર્ચીને સંપ્રદાયમાં શાસ્ત્રીઓની અછત હતી ત્યારે કાળજીપૂર્વક અભ્યાસ કરાવી વિદ્વાન બનાવ્યા. આપશ્રીના પ્રતાપે શાસ્ત્રીજી હરિકૃષ્ણ ઉદ્ધવજી, હાથીરામ, ઉમાશંકર ધીરજરામ, ગોકુલદાસ ભાનુશંકર, રેવાશંકરજી, ત્રીકમજી વગેરે સંપ્રદાયના વિદ્વાન શાસ્ત્રીઓ પ્રાપ્ત થયા. આપશ્રી પંડિતોનો યોગ્ય સત્કાર કરતાં અને છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓની પોતે અવરનવર સંભાળ રાખતા. શરૂઆતમાં મહારાજશ્રીએ સંપ્રદાયનાં હિત માટે પાંચ સંસ્થાઓ સ્થાપી (૧) સ્વધર્મ વિવર્ધિની સભા (૨) શ્રીબાલકૃષ્ણ પુસ્તકાલય, (૩) શ્રીબાલકૃષ્ણ સંસ્કૃત પાઠશાળા (૪) શ્રીબાલકૃષ્ણ છાત્રાલય (૫) શ્રીબાલકૃષ્ણ ઔષધાલય. પહેલા સંસ્થા દ્વારા સ્વયં અથવા પંડિતો પાસે વ્યાખ્યાન આપવામાં આવતા તેમાં ભટ્ટ બલભદ્ર શર્મા જેવા પ્રસિદ્ધ પંડિતો વ્યાખ્યાન આપતા. પુસ્તકાલયમાં સંસ્કૃતના અને અનેક વિષયોના ગ્રંથો વસાવવામાં આવતા. પાઠશાળામાં વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયોનું જ્ઞાન આપવામાં આવતું. સામાન્ય લોકોની સગવડતા માટે આપશ્રીએ શ્રીબાલકૃષ્ણ આયુર્વેદ ઔષધાલય ખોલ્યું હતું. આમ જનકલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ આદરી હતી.

રાજકીય બાબતોમાં આપશ્રી લોકમાન્ય તિલકના વિચારને અનુસરતા હતા તથા ગાંધીજીની ખાદીને સ્વદેશી વસ્તુઓને અપનાવવાના વિચારને સારો એવો ટેકો આપ્યો હતો. આષ્ટિ-ચિમુરની ફાંસી પામેલાઓને મુક્ત કરાવવા આપશ્રીએ પણ વાઈસરોયને વિનંતી કરી હતી.

સંપ્રદાયના હિત માટે આપશ્રીએ માધવતીર્થ શંકરાચાર્યના આક્ષેપો સામે પંડિતોને ખૂબ પ્રોત્સાહન આપ્યું હતું અને શાસ્ત્રાર્થ ઉપદેશ અને લેખો દ્વારા સ્વામીજીનો પરાજય કર્યો હતો. ઠઠ્ઠાની વૈષ્ણવ પરિષદમાં પધારી વૈષ્ણવોને ઉત્સાહ પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું મુંબઈમાં

છપ્પનભોગ કર્યો ત્યારે ભગવત્ સેવામાં અહર્નિશ રહેતા તે દિવ્ય મનોરથ અનેક સંકટોના ભય વચ્ચે પણ એની પરવા કર્યા વિના ભગવત્ કૃપાથી નિર્વિઘ્ને પાર પાડ્યો હતો.

પોલ નામની વ્યક્તિના પાષંડવાદ સામે વૈષ્ણવ પરિષદ્ ભરીને એક ઓજસ્વી વ્યાખ્યાન આપ્યું તથા પોલ સામેના દાવામાં સ્વયં જુબાની આપી વૈષ્ણવધર્મનું સંરક્ષણ કર્યું. ગોરક્ષા માટે જસાવાળા પારસીને વિલાયત મોકલ્યા હતા. આપશ્રી ગૌશાળાની મુલાકાતે પધારતા ત્યારે ગોવાળ આપશ્રીને ચેતવણી આપે કે મહારાજશ્રી આ ગાય મારકણી છે ત્યારે આપશ્રી એવી આજ્ઞા કરીને એ ગાય પાસે પધારે કે ગભરાઓ નહીં, એ ગાય મને જાણે છે કે હું તેને મારનાર નથી એટલે તે મને મારવાની જ નથી, એ પછી એ ગાયને પંપાળવા લાગે તો ગોમાતા વાગોળતી આનંદથી ઊભી રહે. વળી મુંબઈ શહેરની અનેક ગોરક્ષણ સંસ્થાઓ, ગોવર્ધન સંસ્થા, ગોગ્રાસ, ભિક્ષા, જીવદયા સંસ્થા વગેરે સંસ્થાઓ સાથે આપશ્રીનો પૂર્ણ સહયોગ રહેતો હતો. મહારાજશ્રી પોતે પણ પુષ્કળ ગાયો પાળતા. મુંબઈ, નાસિક વગેરે સ્થળે પણ પોતાની ગોસંસ્થાઓ રાખતા. પટનામાં, કાશીમાં પંડિતોની સભામાં શાસ્ત્રીઓને મોકલીને સંપ્રદાયનો પ્રચાર કરતા હતા. અખિલવર્ણાશ્રમ સ્વરાજ્ય સંઘ કલકત્તા, અમદાવાદમાં આપશ્રી સભાપતિપદે બિરાજ્યા હતા. તે વખતે આપે ધર્મસંરક્ષણ માટે હાકલ કરી હતી.

ગો.વા.મગ્નલાલ શાસ્ત્રીના પ્રયાસથી પૂનામાં સ્થપાયેલી વૈષ્ણવ વિદ્યાર્થીઓ માટેની હોસ્ટેલનું આપે ઉદ્‌ઘાટન કર્યું હતું. સંવત ૧૯૯૦ માં કરસનદાસ શતાબ્દી વખતે કેટલાક લોકોએ પુષ્ટિમાર્ગ સામે આક્ષેપો કરવા માંડ્યા તે વખતે આપશ્રીએ શ્રીમહાપ્રભુજીની જયંતી ઉજવી. જેમાં મુંબઈ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સર બોમેન્ટના પ્રમુખપદે પ્રો. મગ્નલાલ શાસ્ત્રીનાં વ્યાખ્યાનોની યોજના કરી હતી. સંવત ૧૯૯૧ માં મેયો કોલેજ

અજમેરની ઉદ્‌ઘાટનવિધિ આપે કરી હતી એ પ્રસંગે આપશ્રીના વ્યક્તિત્વની અસર જુદા જુદા રાજકુમારો અને બીજાઓ ઉપર ઘણી જ સારી થઇ હતી.

આપશ્રીનું પ્રકટ સાહિત્ય આપના તરફથી પંડિત રમાનાથ શાસ્ત્રી તથા પંડિત બલભદ્ર શર્માજીએ પ્રગટ કર્યું છે. નવપ્રકાશ અને અન્ય માસિકોમાં પ્રગટ થયેલા આપના વ્યાખ્યાનોને સંશોધન કરી પ્રકાશિત કરવાની જરૂર છે.

આપશ્રીના પ્રથમ પુત્ર નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ દ્વારા નોઆખલી (બાંગ્લાદેશ) માં નિરાશ્રિતોના રાહત માટેનું કાર્ય સમગ્ર દેશમાં પ્રશંસા પામ્યું હતું. લાંબા સમય સુધી ત્યાં રહીને આપશ્રીએ રાહતકાર્ય કર્યુ હતું અને હિન્દુ ધર્મના રક્ષણ માટે સદાયે કટિબદ્ધ રહેતા હતા. એવી જ રીતે બીજા પુત્ર નિ.લી.ગો.શ્રીદીક્ષિતજી મહારાજ સંપ્રદાયના અદ્વિતીય વિદ્વાન આચાર્ય હતા. હિન્દુધર્મના રક્ષણ અને સેવા માટે પોતાનું સમગ્ર જીવન ન્યોછાવર કર્યુ હતું. પોપપોલ ષષ્ઠ જ્યારે ભારત આવ્યા ત્યારે ધર્માન્તરણ વિરુદ્ધમાં તેઓશ્રી દ્વારા જગાવવામાં આવેલ જેહાદ અવિસ્મરણીય છે. આપશ્રીના તૃતીયપુત્ર નિ.લી.ગો.શ્રીગોપીનાથજી મહારાજનું મોહક અને ભવ્ય વ્યક્તિત્વ, સુન્દર ચિત્રકલા તથા વ્યવસ્થાપક શક્તિ માટે આજે પણ લોકો યાદ કરે છે.

આપશ્રીના પુત્ર નિ.લી.ગો.શ્રીમુકુન્દરાયજી બીનવાદ્યમાં એટલા પ્રવીણ હતા કે સમગ્ર ભારતમાં આપશ્રીએ ખ્યાતિ પ્રાપ્ત કરી હતી.

આપશ્રીના પૌત્રોમાં આજે પૂ.ગો. શ્રીવ્રજાધીશજી મહારાજ, પૂ.ગો.શ્યામમનોહરજી મહારાજ, પૂ.ગો.શ્રીરમેશચન્દ્રજી મહારાજ, પૂ.ગો.શ્રીરાજકુમારજી મહારાજ આજે પણ વિદ્વત્તા-કલા વગેરે ગુણોથી સંપ્રદાયમાં અગ્રગણ્ય છે. પૂ.ગો.શ્રીશ્યામ મનોહરજીનું નામ તો આજે કોઇ નહીં જાણતું હોય તે શક્ય જ નથી.

આ રીતે આપશ્રીનો વિશાળ પરિવાર વિવિધ ક્ષેત્રમાં નામના મેળવી સંપ્રદાયની સેવા કરી રહ્યો છે.

નિ.લી.પૂ.ગો.શ્રીગોકુલનાથજી મહારાજશ્રી ગોરક્ષક, વર્ણાશ્રમ ધર્મ સંરક્ષક, ધાર્મિક ગ્રંથોના પ્રકાશક, આયુર્વેદના ઉપાસક અને કલાવિદ તથા પંડિતોને પ્રોત્સાહન આપનારા, આંગણે આવેલા સૌ કોઈને યથાશક્તિ પ્રમાણે સહાયને સમાધાનકારક સંતોષ આપનારા હતા. સંપ્રદાયના આવા પ્રતાપી આચાર્યને કોટી કોટી દંડવત્ હજો.

(૫) ચતુર્થ-પંચમ ગૃહાધીશ્વર નિ.લી.પૂ.પા. ગો. શ્રીવલ્લભલાલજી મહારાજ (ગોકુલ-કામવન)

ગો.શ્રીવિઠ્ઠલનાથજી (પ્રભુચરણ)ના સાત પુત્રોમાં પંચમલાલજી શ્રીરઘુનાથજીના વંશમાં નિ.લી.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજનું પ્રાકટ્ય વિ.સં.૧૯૪૮માં આષાઢ સુદ ત્રીજને દિવસે થયું હતું. આપશ્રીના પિતાશ્રી શ્રીદેવકીનંદનાચાર્યજી પ્રતાપી આચાર્ય હતા. (આપશ્રીનું જીવન પ્રગટ થઈ ગયુંછે) માતૃચરણ શ્રીભાગીરથી વહુજી પતિ સેવાપરાયણ હતા. આપશ્રીનું પાલન પોષણ મોસાળમાં દક્ષિણમાં રાયનલ્લૂર ગામમાં થયું હતું. જેટલા દિવસ આપ મોસાળમાં બિરાજ્યા ત્યાં અનેક પ્રકારની બાલક્રીડા કરીને ગ્રામ્યજનોને મોહિત કરતા રહ્યા આવા ચમત્કારિક બાલક પ્રત્યે ત્યાંના નિવાસીઓને સ્નેહ થવો સ્વાભાવિક છે. પાંચમા વર્ષે આપશ્રી કામવન (ભરતપુર રાજ્ય) માં પધાર્યા.

આપશ્રીને બાલ્યાવસ્થાથી વિદ્યાપ્રતિ ખૂબ જ અભિરુચિ હતી. ભરતપુર રાજ્યના સુવિખ્યાત વિદ્વાન પં. ગિરધારીલાલજીએ આપશ્રીને સંસ્કૃત સાહિત્ય, નીતિશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને સાંપ્રદાયિક સાહિત્યનું અધ્યયન કરાવ્યું હતું. આપશ્રીની વ્યાખ્યાન શક્તિ પણ અજોડ હતી. આપશ્રીને ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, વ્રજભાષા, મરાઠી, બંગાળી, તેલુગુ વગેરે ભાષાઓનું પણ સુંદર જ્ઞાન હતું. કલા, શિલ્પશાસ્ત્ર, સંગીત, પશુચિકિત્સા વગેરેમાં પણ પારંગત હતા. આપશ્રીને બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા પોતાના પિતૃચરણ પાસેથી જ મળી હતી.

આપશ્રીનાં લગ્ન દક્ષિણ ભારતના શ્રીલક્ષ્મીજી સાથે મુંબઈમાં

ખૂબ જ ધામધૂમથી થયા હતાં. આપશ્રીના પિતૃચરણે ચોથા ગૃહનો તથા પંચમ ગૃહનો કાર્યભાર આપશ્રીને સોંપી દીધો હતો. અને આપશ્રીએ બન્ને ગૃહોનું સંચાલન સુંદર રીતે સફળતાપૂર્વક પાર પાડ્યું હતું. આપશ્રીએ નાની વયમાં જ ભારત વર્ષના સુપ્રસિદ્ધ તીર્થોમાં ભ્રમણ કરી લીધું હતું.

પિતૃચરણની છત્રછાયામાં ઘણી કુશળતા પ્રાપ્ત કરી લીધી હતી, સંવત ૧૯૭૦ માં આપશ્રીના પિતૃચરણ મથુરામાં નિત્યલીલામાં પધાર્યા. આપશ્રીએ પોતાનો સમય સંત-સમાગમ તથા પંડિતોના સત્સંગમાં વીતાવવો શ્રેયસ્કર ગણ્યો. આપશ્રી સાધુ-સંતો પ્રત્યે પૂર્ણપ્રેમ રાખતા હતાં. વૈષ્ણવ ધર્મના ઉપદેશ માટે, પ્રચારાર્થે ગુજરાતી તથા હિન્દી ભાષામાં વૈષ્ણવ ધર્મ પતાકા નામની પત્રિકા પ્રગટ કરાવી જે સંપ્રદાયમાં આજે પણ અમૂલ્ય સંગ્રહ તરીકે જળવાઈ રહી છે. આપશ્રીએ પોતાના વિદ્યાવિભાગ દ્વારા પ્રાચીન પ્રસિદ્ધ સાંપ્રદાયિક ગ્રંથોનું વિવિધ ભાષાઓમાં સરલ અનુવાદ કરાવવાનું કાર્ય ઉપાડ્યું હતું. વ્યાખ્યાનો દ્વારા પણ આપશ્રીએ સંપ્રદાયના સિદ્ધાંતોનો ખૂબ જ પ્રચાર કર્યો હતો. એટલું જ નહીં સંપ્રદાયની ટીકા કરનારા ઘણાને આપશ્રીએ પ્રશંસક બનાવ્યા અને સંપ્રદાયની પ્રતિષ્ઠા વધારી હતી. કામવનમાં શ્રીદેવકીનંદનાચાર્ય પુસ્તકાલયમાં આપશ્રીએ ઘણા અપ્રાપ્ય સાહિત્યનો સંગ્રહ કર્યો હતો. આપશ્રીએ સમાજ સુધારક તરીકે પણ અનેક નાનાં-મોટાં કાર્યો કર્યાં હતા. જે અવિસ્મરણીય છે.

આપશ્રીનું સ્વદેશાભિમાન તથા સ્વદેશી ચીજો જ વાપરવાનો આગ્રહ અત્યંત પ્રશંસનીય હતો. મંદિરોમાં પણ સ્વદેશી વસ્ત્રો (ખાદી) વગેરેનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખતા હતા. રાષ્ટ્રભાષા હિન્દી પ્રત્યે પણ પૂર્ણ પક્ષપાતી હતા. વ્યાખ્યાન આપશ્રી બને ત્યાંસુધી હિન્દીમાં જ આપતા હતા. સ્વદેશી ચીજોના ઉપયોગ ઉપરાંત આપશ્રી શુદ્ધ સાત્ત્વિક આહાર જ માનવ મનની નિર્મળતા માટે ઉપયોગી છે એમ હંમેશ કહેતા હતા.

આયુર્વેદિક ઔષધિ ઉપર આપશ્રીને અનન્ય શ્રદ્ધા હતી અને વિદેશી દવા કરતાં વધુ અસરકારક હોય છે એ આચારમાં મૂકીને સમજાવતા હતા શ્રીમંત અને ગરીબ વૈષ્ણવ વચ્ચે આપશ્રીએ ત્યાં કોઈપણ ભેદ હતો નહિ. સર્વ પ્રતિ સમાન વ્યવહાર રાખવામાં આવતો હતો. સ્ત્રીઓ પ્રતિ આપ કદી દૃષ્ટિપાત કરતા નહીં. ભગવત્સેવા, ઈશ્વરારાધના, ધર્મનિષ્ઠા, માતાપિતાનાં ચરણોમાં અનન્ય ભક્તિ, સદાચાર, દીનદુઃખીઓ પર દયા, પ્રતિજ્ઞાપાલન, ત્યાગ અને ભારતીયોમાં પરસ્પર ઐક્ય, સનાતન ધર્મનો ઉપદેશ વગેરે આપશ્રીના વ્યાખ્યાનોમાં મુખ્ય વિષયો રહેતા હતા, સભામાં વ્યાખ્યાનના સમયે સમયસર પહોંચી જવું એ આપશ્રીમાં અતિ સુંદર ગુણ હતો. આપશ્રીએ પુસ્તકાલય, દવાખાના, નિશાળો, પાઠશાળા વગેરે લોકકલ્યાણનાં સુંદર કાર્યો કર્યાં છે.

આપશ્રીના અપૂર્વ સાહસનો એક પ્રસંગ નોંધપાત્ર છે. તિલકાયત મહારાજશ્રી ગોવિંદલાલજી યજ્ઞોપવિત કરી આપશ્રી નાથદ્વારાથી મોટર દ્વારા ગુજરાતમાં મોડાસા પાસેના સુપ્રસિદ્ધ તીર્થસ્થળ શામળાજી પધારી રહ્યા હતા. ત્યારે રાત્રી પડી જવાથી ઈડર રાજ્યના જંગલોમાં આપશ્રી રસ્તો ભૂલી ગયા. મોટર પણ આપ પોતે જ હાંકી રહ્યા હતા. આપની સાથે આપના જ્યેષ્ઠકુમાર હતા. મોટર રસ્તો જ્યાં બંધ હતો ત્યાં એક ઝાડીમાં વિશાળ શીલા સાથે અથડાઈ. ગાડીને રોકીને જોયું તો એક સિંહ પાસે ઉભો હતો આ ઈડરનરેશનું ખાસ અનામત જંગલ હતું. જ્યાં સિંહના શિકાર માટે આવતા હતા. આપ ડગ્યા નહિ અને ગાડીને પાછી ફેરવવાનો પ્રયત્ન કરવા લાગ્યા એટલામાં જ એ જંગલનો ભય પમાડે એવો ભીલ રખેવાળ જે રાજ્યનો હતો એ આવી ચડ્યો અને બીજો ભીલોને પણ અવાજ કરી બોલાવવા લાગ્યો. સાથેના પ્રવાસીઓ તો ગભરાટના ડરના માર્યા બેસી રહ્યા પણ આપશ્રીએ પોતાના પ્રભાવથી અને વાક્ચાતુર્યથી એ ભીલોને વશ કરી લીધા. ભગવાન શ્રીરામચંદ્રજીને નિષાદે જેમ વનમાં માર્ગ દેખાડ્યો હતો એમ એ ભીલ રખેવાળે માર્ગ બતાવીને ઠેઠ મોડાસા સુધી પહોંચાડી ગયો.

એક વખત મુંબઈના એક શેઠે આપશ્રીને રૂપિયા પાંચ લાખ (તે જમાનામાં) આપશ્રીના ઠાકોરજીના નેક ભોગાદિ નિમિત્તે અર્પણ કરી આપને પ્રાર્થના કરી કે મેં આજથી આપશ્રીને નિશ્ચિંત કરી દીધા. એ સાંભળીને આપશ્રીના મુખારવિંદ પર જરાયે હર્ષ થયો નહીં. ગંભીરતાપૂર્વક આપશ્રીએ એ જ ઉત્તર આપ્યો કે અમારા ઠાકોરજીને તો ટેંટી અને રોટલી આરોગાવીને પણ પ્રસન્ન કરી લઈએ છીએ. પ્રભુની ઈચ્છા હશે તો આપની સેવા અંગીકાર કરશે. મહારાજશ્રીને થયું કે શેઠને પૈસાનો અહંકાર થઈ ગયો છે. પુષ્ટિમાર્ગમાં પ્રભુ અહંકારભાવથી અર્પણ કરવામાં આવેલા દ્રવ્યને અંગીકાર નથી કરતા. પ્રભુ તો શુદ્ધ નિર્ગુણ ભાવના જ ભૂખ્યા છે, નહીંતર પ્રભુને દુર્યોધનને ત્યાં મેવા મીઠાઈ મૂકીને વિદુરજીને ત્યાં ભાજી આરોગવાની શી જરૂર હતી ? પ્રભુની ઈચ્છાથી એમ જ થયું. શેઠની લક્ષ્મી પ્રભુની સેવામાં અંગીકાર ન થઈ શકી. ભેટની અપેક્ષાએ આપ જાતે ક્યાંય પધારતા નહીં. ભગવદ્ ઈચ્છાથી માનસહિત જે કંઈ પ્રાપ્ત થઈ જાય તેનો સ્વીકાર કરતા. સરળ, સાદા પોષાકમાં સદાયે સજ્જ રહેતા. આડંબર વિનાની સરલ, સૌ કોઈ સમજી શકે એવી વાણીમાં મીઠાશથી વાત કરતા હતા. છડીદારનો ભપકો પણ રાખતા ન હતા. આપશ્રી સૌ પ્રત્યે સમદર્શિતા દાખવતા હતા. બીજા સમ્પ્રદાયના લોકોને પણ આવકારતા અને પ્રેમભાવ રાખતા હતા. જીવમાત્ર પ્રતિ આપશ્રીને દયા હતી.

સનાતન ધર્મના આપશ્રી આજીવન સંરક્ષક રહ્યા અને ઠેર ઠેર ફરીને એનો પ્રચાર કર્યો. સં.૧૯૭૩માં મુંબઈ પ્રાંતીય સનાતન ધર્મ મહાસંમેલનના પ્રથમ અધિવેશનના પ્રધાન અધ્યક્ષ પદે રહ્યા અને ધર્મરક્ષામાં પોતાના વિશાળ સામર્થ્યનો સદુપયોગ કરી બતાવ્યો.

રાજનૈતિક બાબતમાં પણ આપશ્રીએ અત્યંત પ્રવીણતા પ્રાપ્ત

કરી હતી. અનેક રાજકીય નેતાઓ સાથે આપશ્રીને પરિચય હતો અને અવકાશ મળે આપની સાથે વાર્તાલાપ પણ કરતા હતા. મહામાનવ માલવિયાજી આપશ્રી પ્રત્યે વાત્સલ્યપૂર્ણ પૂજ્ય ભાવ રાખતા હતા. વિશ્વવંદનીય મહાત્મા ગાંધીજી જોડે આપશ્રીની મુલાકાત સાબરમતી આશ્રમની બહાર અમદાવાદમાં એક વખત થઇ ત્યારે ગાંધીજીએ આપશ્રીના પિતૃચરણના યશનાં વખાણ કથી આપશ્રીનાં દર્શન થવાથી અત્યંત પ્રસન્નતા પ્રકટ કરી વિનંતી કરી કે જ્યારે કોઇ વખત કંઇ પણ આવશ્યકતા હોય ત્યારે આપ આજ્ઞા આપ્યા કરો. હું જ હાજર થઈ જઈશ, આપે અત્રે પધારવાનો શ્રમ લેવો નહીં.

પતિયાળાના મહારાજશ્રીના સુપ્રસિદ્ધ યુરોપિયન ડોકટર મિ.ફોક્સને એક વખત દિલ્હીમાં આપશ્રીનાં દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. આપશ્રીના દર્શન કરતાં જ તેને એ વિચાર આવ્યો કે આપશ્રી મેસ્મેરીઝમ વિદ્યાના મોટા વિદ્વાન હોવા જોઈએ કારણ કે આપશ્રીમાં બીજાને ખેંચવાની આકર્ષણ શક્તિ અત્યંત પ્રબલ હતી. ભારત વર્ષની અનેક નાની મોટી સંસ્થાઓ એ આપશ્રીને સન્માનપત્ર અર્પણ કર્યાં હતાં. આચાર્યશ્રીના સેવકોમાં ભરતપુર નરેશ, કૃષ્ણગઢ, લખતર વગેરે રાજ્યોના રાજવીઓ પણ હતા. એ સૌ આપશ્રી પ્રત્યે ખૂબ જ આદર ધરાવતા હતા.

આપશ્રીના ત્રણ લાલબાવાઓ, પૂ.પા.શ્રીગોવિંદલાલજી, પૂ.પા.શ્રીગોકુલનાથજી, પૂ.પા.શ્રીચંદ્રગોપાલજી (વિરમગામ) છે. આપશ્રીના વૈષ્ણવ સમુદાયની સૃષ્ટિ ખૂબ જ મોટી છે.

સંવત ૧૯૯૭ ના માર્ગશીર્ષ માસમાં આપશ્રીએ સાંસારિક સર્વ બંધનો તોડી શ્રીગોકુલેશ્વર અને શ્રીગોકુલેન્દુ પ્રભુનાં ચરણારવિંદમાં સંસારલીલા સમાપ્ત કરી પ્રભુની નિત્યલીલામાં પ્રવેશ કર્યો. જે મહાપુરુષે પૂર્ણ પુરુષોત્તમની પ્રાપ્તિનો સરલ માર્ગ લાખો જીવોને દર્શાવીને ઉદ્ધાર કર્યા

એના નિત્યલીલાના સમાચારે સૌને શોકગ્રસ્ત બનાવી દીધા. ઠેર ઠેર સ્વેચ્છાએ ધંધાનું કામ બંધ રહ્યું. અનેક સંસ્થાઓએ શોકદર્શન ઠરાવો કર્યા અને અત્યંત દુઃખ વ્યકત કર્યું. સમસ્ત ભારત વર્ષમાં શોકનું મોજું ફરી વળ્યું.

આવા તેજસ્વી, મહાન ધર્મ ધુરંધર, મહાપ્રતાપી પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી આચાર્ય પ્રવરને કોટિ કોટિ વંદન.

* * *

(૯) પુષ્ટિસમ્પ્રદાયના ક્રાન્તદર્શી-આદર્શ નેતા પ્રથમપીઠાધીશ્વર નિ.લી.પૂ.પા.ગો. શ્રીરણછોડલાલજી મહારાજ (પ્રથમેશજી)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ્‌ના પ્રાણપ્રણેતા અને પ્રેરણામૂર્તિ પ્રથમ પીઠાધીશ્વર શ્રીપ્રથમેશજીનો ફરીદાબાદ ખાતે અચાનક હૃદયરોગના હુમલાથી નિત્યલીલાપ્રવેશ થવાથી સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને અણધાર્યા-અચાનક-આંચકો આઘાત લાગ્યો છે. આજે વલ્લભ સંપ્રદાયમાં કે સનાતન ધર્મના આચાર્યોમાં ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ હશે જેણે શ્રીપ્રથમેશજીનું નામ નહીં સાંભળ્યું હોય. આપશ્રી વલ્લભ સંપ્રદાયના પ્રથમ પીઠાધીશ્વર છે અને આપશ્રીનું મૂળ નામ શ્રીવલ્લભરાયજી તથા શ્રીરણછોડાચાર્યજી છે.

આપશ્રીનું પ્રાકટ્ય સંવત ૧૯૮૯ના વૈશાખ વદિ પાંચમના રોજ થયું હતું. આપશ્રીના માથે પ્રથમ ઘરના નિધિ શ્રીમથુરેશજી બિરાજે છે. એ કારણે આપશ્રી અવરનવર કોટામાં બિરાજતા હતા. ઉપરાંત આપશ્રીનું મુંબઈ ભૂલેશ્વરમાં દાઉજીનું મંદિર હોવાથી સ્થાયી નિવાસ મુંબઈમાં હતો.

આપશ્રી વિદ્યાવ્યાસંગી હતા અને વિદ્વાનો શાસ્ત્રીઓ સાથે મોટો ભાગ શાસ્ત્રની ચર્ચામાં ગાળતા હતા. સંગીતનો પણ સુંદર શોખ હતો. હારમોનિયમ તથા પખાવજ સુંદર રીતે બજાવતા હતા.

પ્રથમ પીઠાધીશ્વર (ગૃહાધીશ્વર)ને માથે બિરાજતા શ્રીમથુરાનાથજીની સેવા ચોર્યાસી વૈષ્ણવોમાંના એક શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીપદ્મનાભદાસ કનોજીયા કરતા હતા. શ્રીમથુરેશજી પદ્મનાભદાસજીને ત્યાં થોડો સમય બિરાજ્યા બાદ શ્રીગુસાંઈજીને ત્યાં પધાર્યા. આપશ્રીએ શ્રીગુસાંઈજીના પ્રથમ પુત્ર શ્રીગિરિધરજીના ત્રીજા પુત્ર શ્રીગોપીનાથજી દીક્ષિતના વંશને અલંકૃત કર્યાં. શ્રીમથુરેશજી એ પ્રથમ નિધિનું સ્વરૂપ છે. આજે સોળ પેઢીએ એ સ્વરૂપ કોટામાં શ્રીરણછોડલાલજીને માથે બિરાજી રહ્યું છે.

આપશ્રી પ્રાચીન પ્રણાલી અનુસાર આદરપૂર્વક સેવા કરી રહ્યા હતા.

આપશ્રીએ આપના પિતાશ્રીની દેખરેખમાં આચાર્યોચિત આચરણની શિક્ષા ગ્રહણ કરી વેદવેદાંત અને શાસ્ત્રોનાં અધ્યયનથી પોતાની ગરિમાને તેજસ્વી બનાવી હતી. આપશ્રીએ પોતાના ભક્તિમાર્ગાબ્જ માર્તંડ સ્વરૂપથી સંપ્રદાયની લુપ્ત થયેલી કેટલીક પરંપરાઓને ફરીથી ચાલુ કરી. દરેક કુંભમેળાઓ પ્રસંગે હરિદ્વાર, પ્રયાગ, નાસિક અને ઉજ્જૈન આદિ સ્થળોએ વલ્લભાચાર્યનગરો સ્થાપિત કરી જંગલમાં મંગલ કરી આચાર્યચરણ, શ્રીવિઠ્ઠલનાથજીના સ્વરૂપને સાકાર કર્યું હતું. અને સનાતન સાધુ સમાજમાં વલ્લભ સંપ્રદાયની લુપ્ત થયેલી પ્રતિષ્ઠાની પુનઃ સ્થાપના કરી છે.

આપણા સમાજમાં યજ્ઞ એ ત્યાગ અને સમર્પણ નું પ્રતીક છે. યજ્ઞ આ ભાવનાથી કરાય છે. જે કર્મ વડે આપણું સર્વસ્વ પ્રભુને અર્પણ કરવામાં આવે છે તેને યજ્ઞ જ કહેવાય છે એ રીતે શ્રીમહાપ્રભુજીના પૂર્વજોએ સો સોમયજ્ઞ પૂર્ણ કરતાં શ્રીવલ્લભાચાર્યજી ભૂતલ પર પ્રકટ થયા. શ્રીમહાપ્રભુજી અડેલમાં બિરાજ્યા ત્યાંસુધી દરેક વર્ષે વસંતઋતુમાં સોમયજ્ઞ કરતા હતા. અને એ પછી શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી, શ્રીગિરિધરજી તથા શ્રીગોકુલનાથજી વગેરે આચાર્યોએ પણ સોમયજ્ઞ કર્યા. સાક્ષાત્ શ્રીહરિના મુખારવિંદરૂપ શ્રીવલ્લભાધીશ પ્રગટ થયા. જેથી શ્રીવલ્લભકુલ સોમયાજી કહેવાયું. આજના ભોગ અને અર્થપ્રધાન યુગમાં પણ પૂ.પા.શ્રીપ્રથમેશજી, આ મહાન સોમયજ્ઞનું ભવ્ય અને દિવ્ય આયોજન કરીને પૌર્વાત્ય પરંપરાને અગ્રેસર કરી સમાજમાં દિવ્ય ચેતના અને વૈષ્ણવભાવના વ્યાપકરૂપે વિસ્તારી રહ્યા હતા. એ અત્યંત ગૌરવનો વિષય હતો. આપશ્રીએ આ અલૌકિક યજ્ઞભાવના, વૈષ્ણવોના ઘરેઘરમાં પ્રગટાવી દિવ્ય ચેતના પ્રદીપ્ત કરી એ રીતે પૂજ્ય આચાર્યશ્રી રણછોડાચાર્ય દીક્ષિતે વર્તમાન પેઢી ધર્મથી દૂર થઈ રહી છે તે જોઈને તે સોમયજ્ઞોની વર્તમાન શ્રૃંખલાનો પ્રારંભ કર્યો. આપશ્રીએ આજસુધીમાં ઉજ્જૈન, કોટા, રાજકોટ, મુંબઈ, પ્રયાગ, જગન્નાથપુરી, અમદાવાદ, સુરત વગેરે સ્થળોએ અગ્નિષ્ટોમ, અત્યગ્નિષ્ટોમ ઉકથ્ય, ષોડશી, અતિરાત્ર, આપ્તોયાર્મ, બાજપેયી ગરુડ ચયન વગેરે સોમયજ્ઞો કર્યા હતાં.

વિજ્ઞાનમાં પણ યજ્ઞની ઉપયોગિતા સિદ્ધ થઈ ચૂકી છે. પર્યાવરણની અશુદ્ધતા યજ્ઞથી મટે છે. સોવિયેત રશિયામાં પ્રયોગ દ્વારા સિદ્ધ થયું છે કે ગાયના ઘીના હવનથી આણ્વિક વિકીરણ નો પ્રભાવ મટી જાય છે. યજ્ઞ એ ચિકિત્સા પણ છે. અંગ્રેજીમાસિક મિરર માં જુલાઈ ૧૯૮૩ ના ૭૫ મા પાના પર સમાચાર પ્રકાશિત થયા છે કે અમેરિકાના એક મનોવૈજ્ઞાનિક પૂણે વિશ્વવિદ્યાલયમાં યજ્ઞચિકિત્સા વિષે અનુસંધાન કરી રહ્યા છે. ૪ મહિનાના હવનના પ્રભાવથી ત્રણ બાળકોનો મૃગી રોગ મટી ગયો. અવિકસિત બાળકોની બુદ્ધિ વિકસિત કરાઈ. લોહીમાં શર્કરાનો ઘટાડો થઈ જાય છે. હવનના ધુમાડાથી શરદી, માથાનો દુઃખાવો, ચર્મરોગ, જૂનો તાવ, પેચિશ, દાદ, ટોન્સીલ અને સાંધાનો દુઃખાવો દૂર થઈ જાય છે.

એક કૃષિ ફાર્મ માં યજ્ઞના પ્રભાવથી બીજ ૨૦ દિવસ પહેલાં જ ઊગી આવ્યાં. આ રીતે સોમયજ્ઞ એક અતિ પ્રાચીન વૈદિક યજ્ઞ સંતતિની સમુન્નતિને માટે કરાય છે. યજ્ઞ દેશ અને સમાજ માટે છે. સારા સંતાન થવાથી રાષ્ટ્રની ઉન્નતિ-ગરિમાને પુનઃ પ્રાપ્તિ કરી શકાશે. આચાર્ય ગોસ્વામી શ્રીરણછોડાચાર્યજી પ્રથમેશજીએ દીક્ષિત સોમયાજી નામ સાર્થક કર્યું છે. આપશ્રી ભારતના મૂર્ધન્ય ધર્માચાર્યોમાં અગ્રગણ્ય જ નહીં પણ ભારતીય સંસ્કૃતિના પ્રતીક હતા. આપશ્રી વૈદિક સંસ્કૃતિની પુનઃ પ્રતિષ્ઠાને માટે કટિબદ્ધ હતા. સ્થળે સ્થળે માનવસેવાના કાર્યોનું આયોજન કરી સમાજ ઘડતરનું સુંદર કાર્ય કરી રહ્યા હતા. વિશ્વર હિન્દુ પરિષદ જેવી નામાંકિત સંસ્થાના માર્ગદર્શક રહ્યા હતા. ભારતની કરોડો જનતાના પ્રતિનિધિના નાતે સોમયજ્ઞમાં આપશ્રી સ્વયં જ યજમાન બનતા હતા. આપશ્રી સાથે દક્ષિણભારતના પ્રસિદ્ધ વિદ્વાન શ્રીતાત્યાચાર્ય યજ્ઞના આચાર્ય બનતા હતા.

આપશ્રીએ પોતાના દૈવોદ્ધાર પ્રયત્નાત્મા સ્વરૂપથી જનશિક્ષાકૃતે ભક્તિનું દાન કરવા પોતાના શ્રમનો વિચાર ન કરતા ભુવિભક્તિ પ્રચાર માટે તથા જગદ્‌ગુરુ શ્રીવલ્લભાચાર્યજીના સંપ્રદાયની પ્રતિભાને પુનઃ દીપાવવા પરિષદ પિતા પોરબંદરવાળા પૂ.પા.ગો.૧૦૮ શ્રીજીવનેશાચાર્યજી મહારાજશ્રીએ સ્થાપિત કરેલી અને અનેક ધર્મધુરંધર ધર્માધ્યક્ષ ગોસ્વામી આચાર્યોએ સિંચન કરેલી વૈષ્ણવ પરિષદને પુનઃ જાગૃત કરી નાથદ્વારા પ્રકરણમાં મુંબઈથી નાથદ્વારા સાયકલો પર બે બે વાર તથા પગે ચાલીને એકવાર વૈષ્ણવોને લઈ સંગઠનથી લડત આપીને પૂર્ણ સહયોગ અપાવ્યો અને ગોવધબંધી પ્રકરણમાં સક્રિય ભાગ લઈ હરિ ગુરુ વૈષ્ણવોના સહકારથી તેને આજે આંતરરાષ્ટ્રીય સ્તરની પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સ્તરે પહોંચાડી સંગઠનના માટે પોતાના તન, મન અને ધનથી સિંચન કરી અનેક વિરોધો હોવા છતાં નિર્ભયતાથી આગળ વધતા રહીને બહારથી થતા જૂઠા દોષારોપણોનાં આક્રમણોને ખાળવા તથા સાચા સિદ્ધાંતો સમજાવવા વિવિધ ભાષાઓમાં પાક્ષિકો પ્રકાશિત કરી ઉગ્ર પ્રતાપી વાક્‌સુધા વર્ષાવી હતી. અનેક સ્થળોએ શિબિરોનું તથા સભાઓનું આયોજન કરી પોતાના વક્તૃત્વથી અનેક જીવોને વિચાર કરતા કરી મૂક્યા. આટલું કર્યા પછી પણ આપશ્રી સદાનંદમાંજ રહેતા હતાં એટલું જ નહીં પણ આપશ્રી પોતાના સર્વલક્ષણ સંપન્નઃ સ્વરૂપથી અનેક દીનદુઃખીઓના રોગોનું આયુર્વેદિક અને નેચરોપેથીની પદ્ધતિથી તથા ભગવદાશ્રય રાખી નવરત્ન, વિવેકધૈર્યાશ્રયનું સ્મરણ કરાવીને બોધ આપીને પુષ્ટિ જીવોનાં દુઃખોનું નિવારણ કરતા હતા.

પૂ.ગો.શ્રીપ્રથમેશજી જેવી સર્વગુણસંપન્ન પ્રતિભા આજે આપણી વચ્ચેથી વિદાય થઈ છે. આપશ્રી આવા કરાલ કલિ કાલમાં પ્રભુકૃપાએ અને ભૂમિભાગ્યથી ભૂતલ પર માહાત્મ્ય પ્રગટ કરવા પધાર્યા હતા. પ્રાકૃત ધર્માનાશ્રયમપ્રાકૃત ધર્મવાળી પ્રતિભા આપણા અનેક જન્મના ભાગ્યથી આપણા પર અનુગ્રહ કરવા જ આપણે સૌને પ્રાપ્તિ થઈ હતી. તેનો લાભ લેવા આપણે આ પામર દૃષ્ટિથી ઘેરાઈને પ્રસાદથી એઓશ્રીના ચિંધેલા માર્ગનું અનુસરણ કરવા સંગઠિત નહીં થઈશું તો એવું જ કહેવાશે કે ભાગ્યહીન જીવ જેણે કણિકા ન ચાખી. આપશ્રી વાતોમાં નહીં નક્કર કાર્યમાં માનતા હતા. અને પરિષદના કાર્યકર્તાઓ પાસેથી એનો હિસાબ પણ માગતા હતા. આવી વંદનીય વિભૂતિને આપણા કોટિ કોટિ વંદન હજો.

* * *